પોલીસ કમિશ્નરની કચેરી,
વિશેષ શાખા, પોલીસ ભવન, જેલ રોડ,
વડોદરા શહેર. ૩૯૦૦૦૧
ટેલીફોન નં.૦૨૬૫-૨૪૨૩૯૫૦
કંટ્રોલ રૂમ ફેકસ નં.૦૨૬૫-૨૪૩૨૫૮૨
e-mail ID : cp-spl-vad@gujarat.gov.in

ક્રમાંક:જી/સીપી/વિ.શા/જાહેરનામું/ ૩૪૨૪ /૨૦૨૧ તારીખ :૧૬/૦૮/૨૦૨૧

**-: કરફયુ હુકમ :-**

**ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨) ની કલમ-૧૪૪ તથા જી.પી.એક્ટ કલમ. ૩૭(૪) અન્વયે કાઢેલ હુકમ:**

**વંચાણે લીધા:-**

(૧) ગુજરાત સરકાર, ગૃહ વિભાગ ના હુકમ ક્રમાંક:વિ.૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨-A, તારીખ.૧૫/૦૮/૨૦૨૧.
(૨) ભારત સરકારના ગૃહ મંત્રાલયના તા.૨૯/૦૬/૨૦૨૧ ના પત્ર ક્રમાંક: 40-3/2020 DM-I(A) અન્વયે.

નોવેલ કોરોના વાયરસ (COVID-19)ને WHO દ્વારા વૈશ્વીક મહામારી જાહેર કરવામાં આવેલ છે. આ સબંધમાં કેન્દ્ર સરકાર તથા રાજય સરકાર દ્વારા સમયાંતરે સુચનાઓ તેમજ માર્ગદર્શીકાઓ બહાર પાડવામાં આવેલ છે. ગૃહ મંત્રાલય ભારત સરકારના તા.૨૯/૦૬/૨૦૨૧ ના પત્ર ક્રમાંક: 40-3/2020 DM-I(A) થી કોરોના સંક્રમણને રોકવા અધ્યતન સુચનાઓ આપવામાં આવેલ છે.

૨. રાજય સરકાર દ્વારા COVID-19 ના સંક્રમણની બાબત ધ્યાને લેતાં ગૃહ વિભાગના તા.૨૯/૦૭/૨૦૨૧ ના હુકમ ક્રમાંક: વિ.૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨-A ના હુકમથી રાત્રીના ૨૨/૦૦ કલાક થી તા.૧૭/૦૮/૨૦૨૧ સવાર ૦૬/૦૦ વાગ્યા સુધી રાજયના ૦૮ શહેરોમાં રાત્રિ કરફયુ તથા કેટલાક નિયંત્રણો મુકી આવશ્યક પગલાંઓ લેવામાં આવી રહયા છે. ભારત સરકારની ઉપર દર્શાવેલ સંદર્ભ-(૨) વાળા પત્રની સુચનાઓ ધ્યાને લેતાં રાજય સરકારે કોરોનાનું સંક્રમણ રોકવા સંદર્ભ-(૧) વાળા જાહેરનામાથી સુચનાઓ આપેલ છે. જે હુકમમાં જણાવ્યા મુજબ વડોદરા શહેરમાં કોરોના સંક્રમણને રોકવા તથા તેને સંપૂર્ણપણે નાબુદ-કરવા, પ્રવર્તમાન પરિસ્થિતીને ધ્યાને લેતાં, લોકોના સ્વાસ્થ્ય, સુરક્ષા અને જાહેર જનતાના હિતને લક્ષમાં લઇ નીચે મુજબનો હુકમ જરૂરી જણાય છે.

વાસ્તે હું ડો. શમશેર સિંઘ (આઇ.પી.એસ.) પોલીસ કમિશ્નર, વડોદરા શહેર, ગુજરાત સરકારશ્રી ના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૧૯૮૨ ના નોટીફીકેશન નંબર:જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/એમ. તથા ગૃહ વિભાગના તા.૦૭/૦૧/૧૯૮૯ ના સંકલિત જાહેરનામા નંબર:જીજી/ ફકઅ/ ૧૦૮૮/૬૭૫૦/મ.અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને-૧૯૭૩ (૧૯૭૪ ના નં-૨) ની કલમ-૧૪૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૭(૪) અન્વયે ઉપરોકત સંદર્ભ-(૧) વાળા ગુજરાત સરકારશ્રી ગૃહ વિભાગ ગાંધીનગરના હુકમ ક્રમાંક:વિ-૧/કઅવ/ ૧૦૨૦૨૦/ ૪૮૨-A, તા.૧૫/૦૮/૨૦૨૧ ના જાહેરનામા અન્વયે જાહેર જનતાના હીતમાં નીચે મુજબ હુકમ કરુ છું.

૩. વડોદરા શહેરમાં તા.૧૭/૦૮/૨૦૨૧ ના રાત્રીના કલાક:૨૩/૦૦ થી તા.૨૮/૦૮/૨૦૨૧ ના સવારના કલાક ૦૬/૦૦ સુધી રાત્રિ કરફ્યુ અમલમા મૂકવામાં આવે છે.

૪. ગુજરાત સરકાર, ગૃહ વિભાગ ગાંધીનગર તરફથી તા.૨૯/૦૭/૨૧ ના હુકમ અન્વયે અત્રેની કચેરીના જાહેરનામા ક્રમાંક:જી/સીપી/વિ.શા./જાહેરનામું/૩૦૯૯/૨૦૨૧, તા.૩૦/૦૭/૨૦૨૧ થી લાગુ કરવામાં આવેલ અન્ય નિયંત્રણો તા.૧૭/૦૮/૨૧ ના સવારના ક.૦૬/૦૦ થી તા.૨૮/૦૮/૨૧ ના સવારના ક.૦૬/૦૦ સુધી યથાવત રહેશે.

**-:વિસ્તાર:-**

વડોદરા શહેર પોલીસ કમિશ્નરેટ હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર

**-:શિક્ષા:-**

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ ની કલમ ૧૮૮ તથા "THE EPIDEMIC DISEASES ACT 1897" અન્વયે "THE GUJARAT EPIDEMIC DISEASES COVID-19 REGULATION, 2020' ની જોગવાઈઓ સહિત, The Disaster Management Act, 2005 ની કલમ ૫૧ થી ૬૦ ની જોગવાઈઓ મુજબ તેમજ જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

**-:જાહેર વિજ્ઞાપન:-**

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારોમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલ ચોંટાડી, લાઉડ સ્પીકર વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી અને દૂરદર્શન કેન્દ્રો ઉપરથી પ્રસિધ્ધ કરાવવું.

આ હુકમ અન્વયે વડોદરા કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના કોઇ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ ની કલમ ૧૮૮ અને લાગુ અન્ય કાનૂની જોગવાઈઓ સહિત, The Disaster Management Act, 2005 ની કલમ ૫૧ થી ૬૦ મુજબ તેમજ જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૧૬ /૦૮/૨૦૨૧ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

પોલીસ કમિશ્નર વડોદરા શહેર

(ડૉ. શમશેર સિંઘ)
પોલીસ કમિશ્નર
વડોદરા શહેર

પ્રતિ,

(૧) વડોદરા શહેર તમામ પો.સ્ટે. ઇન્ચાર્જશ્રીઓ (નકલો ચોંટાડી લાઉડસ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)
(૨) વડોદરા શહેર પોલીસના તમામ સ્કવોડ તથા શાખા ઇન્ચાર્જશ્રીઓ
(૩) વડોદરા શહેર કંટ્રોલ રૂમ ઇન્ચાર્જશ્રી પોલીસ જાણ તથા વર્તમાનપત્રો દ્વારા પ્રસિધ્ધિ કરાવવા સારૂ
(૪) વડોદરા શહેર પોલીસના તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ તરફ.

**જય ભારત સહ નકલ રવાના :-**

(૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિરીક્ષકશ્રી, વડોદરા રેન્જ, વડોદરા
(૩) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, વડોદરા
(૪) રજીસ્ટ્રારશ્રી, એડીશનલ સેશન્સ કોર્ટ, વડોદરા.
(૫) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશીયલ મેજી.કોર્ટ, વડોદરા.
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા શહેર, વડોદરા
(૭) કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, વડોદરા.
(૮) પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્ય, વડોદરા.
(૯) પોલીસ અધિક્ષકશ્રી, રેલ્વે વડોદરા તથા પોલીસ ઇન્સ્પેકટરશ્રી, વડોદરા રેલ્વે પોલીસ સ્ટેશન, વડોદરા.
(૧૦) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, વડોદરા.
(૧૧) મેનેજરશ્રી,સરકારી પ્રેસ,વડોદરા (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરી તેની ૨૫ નકલો અત્રે મોકલી આપવા સારૂ)
(૧૨) મામલતદાર અને એકજીકયુટીવ મેજી.શ્રી, વડોદરા શહેર.
(૧૩) મામલતદાર અને એકજીકયુટીવ મેજી.શ્રી, વડોદરા તાલુકા, વડોદરા.
(૧૪) સંયુકત માહિતી નિયામકશ્રી, કોઠી કચેરી, વડોદરા.

**૨/- સ્થાનિક વર્તમાન પત્રોમા તથા ચેનલોમા વિના મુલ્યે બહોળી પ્રસિધ્ધ કરવા વિનંતી સહ**